ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૭.૨ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૨૨ ટકા

ગાંધીનગર તાપમાન

સે-૨ ખાતે બંધ મકાનમાંથી ૯૫ હજારની ચોરી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના ભરચક સેકટર-૨ ખાતે બંધ મકાનને નિશાચરોએ નિશાન બનાવ્યું છે. પરિવાર વતન ગયો હતો, તે સમયે ચોર ઈશમો દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી ઘરમાંથી રોકડા, ચાંદીની મૂર્તિઓ અને ચીજવસ્તુઓ મળીને કુલ રૂ.૯૫ હજારની મત્તાની ચોરી થઈ છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ આગળની તપાસ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મળુ વિજાપુરના ગુન્દ્રાસણના વતની નવીનચંદ્ર મોતિલાલ પટેલ પ્લોટ નં. ૧૧૫-૨ સેકટર-૨ એ ખાતે નિવૃત જીવન પસાર કરે છે. સેકટર-૨ ના નિવાસસ્થાને તેઓ પત્ની અને પૌત્રી સાથે રહે છે. જયારે દિકરો અને દિકરાની વહુ યુએસ ખાતે રહે છે. ગત તા.૧ માર્ચના રોજ તેઓ પત્ની અને પૌત્રી લઈને વતન ખાતે સામાજીક કામ માટે આવ્યા હતા. ત્યારબાદ ગત તા.૪ ના રોજ પાડોશીએ તેમને કોલ કરીને જાણ કરી હતી. જેમાં ઘરના દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં અને દરવાજો ખુલ્લો હતો. તેઓ વતનથી તાત્કાલીક ઘરે આવી પહોંચ્યા હતા. જેમાં ઘરમાં પ્રવેશ કરીને જોયુ તો ઘરના બંને માળના સામાન વેરવિખેર પડ્યો હતો. ઘરમાં તપાસ કરતા રોકડા ૧૧ હજાર, ચાંદીની લક્ષ્મીનારાયણ, શિવ-પાર્વતી હનુમાન, ગણપતિ દાદા, ચાંદીનુ શિવલીંગ સ્ટેન્ડ પણ ત્ર દિવાવાલીઆરતી તરભાણું, નાની લોટી, ચાર નંગ દિવળા ગુમ હતા. ચાંદીની મૂર્તિઓ અને વસ્તુઓની કિંમત હજ્જારોમાં થાય છે. ચોર ઈશમો સીસીટીવી કેમરા પણ ઉઠાવી ગયા હતા. ઘટનાની જાણ થતા સેકટર-૭ પોલીસના સ્ટાફના જવાનો તાત્કાલીક દોડી આવ્યા હતા અને ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદથી આગળની તપાસ હાથ ધરી છે.

વૈશ્વિક મહામારી કોરોના સામેની લડાઈ હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી ગઈ છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પણ રસી લેવામાં આવી છે અને સાથે જ ૬૦ વર્ષથી વધુ વયના સિનિયર સિટીઝન્સ ને રસી આપવાની શરૂઆત કરવામાં આવી છે. ત્યારે ગાંધીનગરના મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા આજે સિવિલ હોસ્પિટલ ખાતે કોરોના રસીકરણ કેન્દ્રની ખાસ મુલાકાત લેવામાં આવી હતી. મેયરશ્રીએ રસીકરણ પ્રક્રીયાનુ નિરિક્ષણ કરવાની સાથે લાભાર્થીઓની સાથે વાતચીત કરીને રસીકરણ કરાવવા બદલ તેમને અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત મેયરશ્રી રીટાબેન પટેલે રસીકરણ કેન્દ્ર પરના તબિબો અને સિવિલ સર્જન સહિત અધિકારીઓ સાથે બેઠક યોજીને રસીકરણ સંબંધે ગોઠવવામાં આવેલી વ્યવસ્થાની માહિતી મેળવીને સમિક્ષા કરી હતી.

નવી બિલ્ડીંગની લીફટમાં તમામ દર્દી-સગાઓના આંટાફેરા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં કોવીડના દર્દીઓ ઘટતા જ તંત્ર દ્વારા નોન કોવીડ દર્દીઓને સારવારનો લાભ મળી રહે તે માટે વિવિધ વોર્ડ શરુ કરાયા છે. આ દરેક વોર્ડમાં હાલના સમયે દર્દીઓ સારી એવી માત્રામાં છે. ત્યારે ૬૦૦ બેડની હોસ્પિટલમાં માત્ર ૮ માળે જ ગણતરીના કોવીડ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. હાલ નવી બિલ્ડીંગની લિફટમાં કોવીડ દર્દીઓ અને નોન કોવીડ દર્દીઓ સહિત સગાઓ ગમે તે લીફટનો ઉપયોગ કરી રહ્યા છે. કોવીડ દર્દીઓ અને અન્ય વોર્ડના દર્દી કે તેના સગાઓ એક લીફટમાં જતા હોવાનું ધ્યાને આવ્યું છે. ત્યારે કોવીડની સારવાર ચાલી રહી છે તે હોસ્પિટલમાં જ કોવીડ પ્રત્યે ઘોર બેદરકારી ઉડીને આંખે વળગે તેવી છે.

સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ કોરોનાની વેકિસન આવી ગઈ છે, કોરોનાની વેકિસન લેવા માટે પણ

નાગરીકો ઉત્સાહ દર્શાવી રહ્યા છે. તેમ છતા દેશમાંથી કોરોનાએ વિદાય લીધી નથી. મોં પર માસ્ક અને દો ગજની દુર રાખવા માટે હાલના સમયે પણ નાગરીકોને અપીલ કરવામાં આવે છે. ગત માર્ચ માસમાં કોરોનાનો પહેલો કેસ શહેરમાં નોંધાયો હતો.ત્યારબાદ દર્દીઓ વધતા ૬૦૦ બેડની હોસ્પિટલ કોવીડમાં ફેરવી દેવામાં આવી હતી. સમય જતા કોવીડનો કહેર ઓછો થતા સિવિલ તંત્ર દ્વારા ૬૦૦ બેડની હોસ્પિટલમાં અન્ય વોર્ડ શરુ કરાયા છે. જેમાં દર્દીઓ સારવાર પણ લઈ રહ્યા છે. ત્યારે કોવીડ હોસ્પિટલમાં નીચે આવેલી લિફટમાં એક લીફટ કોરોના પોઝીટીવ દર્દીઓ, એક બાયોમેડીકલ વેસ્ટ, એક સ્ટાફ અને એક નોન કોરોના દર્દીઓ અને તેમના સગા માટે રાખવામાં આવી છે. નીચે બોર્ડ પણ મુકવામાં આવ્યા છે. પંરતુ તે સિવાય અન્ય એક પણ બોર્ડ લીફટ ખાતે મુકવામાં આવ્યા નથી. જેથી દર્દીઓ તેમજ સગાઓ સહિત કોવીડ દર્દીઓ પણ ગમે તે લીફટમાં બેસીને જતા રહે છે. કર્મચારીઓ રોકવાની કોશિશ કરે તો તેમની સામે ઉગ્રતાપૂર્વક રોષ ઠાલવી ખરી ખોટી સંભળાવતા હોય છે. ત્યારે કોરોનાને પગલે લીફટની યોગ્ય વ્યવસ્થા જળવાય અને નોન કોવીડ- કોવીડ દર્દીઓ અલગ રાખવામાં આવે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

રાજપૂત સમાજનો પરિચય મેળો એપ્રિલમાં યોજાશે

ગાંધીનગર, તા.૫

રાજપૂત સમાજના અપરણિત દીકરા-દીકરીઓનો પરિચય મેળો આગામી તા. ૩૦ એપ્રિલના રોજ યોજાશે. મહિલા રાજપૂત સમાજ, ગાંધીનગર દ્વારા આ પરિચય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજપૂત સમાજ ભવન, સેકટર-૧૨ ઉપરથી આ માટેના ફોર્મ સવારે ૯ થી ૧૨ અને સાંજના ૩ થી ૬ દરમિયાન મળી રહેશે. (તા. ૧૦-૩-૨૦૨૧ થી તા. ૧૦-૪-૨૦૨૧) સુધીમાં આ ફોર્મ લઈ જવાના રહેશે અને તા. ૧૧-૪-૨૦૨૧ ના રોજ સાંજના ૫.૦૦ વાગ્યા સુધી આ ફોર્મ પરત કરવાના રહેશે. ભરેલા ફોર્મ પરત આપતી વખતે રૂ. ૩૦૧ રોકડા રજીસ્ટ્રેશન ફી ચુકવવાની રહેશે. કોઈએ માહિતી પુસ્તિકા રજીસ્ટ્રેશન સિવાય લેવી હોય તો પુસ્તિકા દીઠ રૂ. ૨૦૦ અલગથી આપવાના રહેશે. આ અંગે ગાંધીનગર મહિલા સમાજના પ્રમુખ બિનાબા રાણાના જણાવ્યા પ્રમાણે સંગીતાબા (મો. ૯૫૩૭૬૩૮૫૯૬), સોનલબા ચાવડા (મો. ૯૯૨૪૧૪૦૬૫૭) દ્વારા વોટસએપથી પણ પરિચય મેળાનું ફોર્મ મેળવી શકશે. ફોર્મ સાથે સંપૂર્ણ વિગતો ભરીને તા. ૧૧-૪-૨૦૨૧ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં ફરજીયાત સમાજ ભવન ઉપર જમા કરાવવાનું રહેશે. જમા કરાવેલ રજીસ્ટ્રેશન ફી સાથેના ફોર્મ દ્વારા અપરણિત દિકરા-દિકરીઓ જ આ પરિચય મેળામાં ભાગ લઈ શકશે.

મહિલા દિવસે મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો ખાતે 'વુમન-ડે સ્પેશિયલ' કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના કુડાસણ સ્થિત શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો સંચાલિત 'ગીત ગાતા ચલ' કરાઓકે-ક્લબ દ્વારા ગાંધીનગર-અમદાવાદ શહેરના મહિલા કલાકારોને પોતાના અવાજમાં કરાઓકે-ટ્રેક દ્વારા ગીતોની રજુઆત કરવા માટે 'વુમન-ડે સ્પેશિયલ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૮મી માર્ચ સોમવારના રોજ સાંજે ૬ કલાકે કુડાસણમાં મારુતિ-નેક્શા શો-રૂમની બાજુમાં સનરાઈઝ આર્કેડમાં શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો ખાતે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર ૨૧ મહીલા કલાકારોને પ્રોત્સાહીત કરવા માટે અમદાવાદનાં જાણીતા મહિલા સિંગર 'ખુશ્બુ ગુજરાત કી ફેઈમ' વર્ષા કુલકર્ણી મુખ્ય મહેમાન તરીકે હાજર રહેશે. આ કાર્યક્રમમાં પ્રવેશ નિઃશુલ્ક રહેશે, જેથી દરેક સંગીતપ્રેમીઓએ આ કાર્યક્રમમાં માણવા સંસ્થાએ જાહેર આમંત્રણ પાઠવ્યું છે. કાર્યક્રમમાં કોરોનાની વર્તમાન સ્થિતિને સંદર્ભે માસ્ક સહીત સરકારના આદેશોનું પાલન કરવામાં આવશે. વધુ માહિતી માટે મોબાઈલ નં. ૮૮૪૯૪ ૫૪૪૦૫ ઉપર સંપર્ક કરી શકાશે તેવું અખબારી યાદીમાં જણાવાયું છે.

સમર્પણ કોલેજ, સેકટર-૨૮ ખાતે મહિલા દિન નિમિત્તે થેલેસેમિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રેડક્રોસ દ્વારા યોજાયેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

સે-૨૮માં સરકારી ઈજનેરી કોલેજ ખાતે માઈન્ડ મર્જર ઈ-મીટ સિરીઝ યોજાઈ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સે-૨૮માં સરકારી ઈજનેરી કોલેજ ખાતે કમ્પ્યુટર ઈજનેરી વિભાગ દ્વારા તા.૧/૩/૨૦૨૧ થી તા.૬/૩/૨૦૨૧ દરમિયાન માઈન્ડ મર્જર અંતર્ગત અલગ-અલગ વિષયો આધારિત લાઈવ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એપ્લીકેશન ઓફ મટીરીયલ સાયન્સ ફોર કમ્પ્યુટર એંજીનીયરિંગ, પેચ એંટેના, કોગ્નીટિવ રેડીયો, વી.એલ.એસ.આઈ, વાયરલેસ નેટવર્ક તેમજ માઈક્રો કન્ટ્રોલર ઈન્ટરફેસીંગ જેવા મહત્વના વિષયોની સરળ સમજૂતિ અને ઉપયોગિતા અંગે સરકારી ઈજનેરી કોલેજ ગાંધીનગર ખાતે ફરજ બજાવતા મેટલર્જી તેમજ ઈલેક્ટ્રોનીક્સ એન્ડ કમ્યુનિકેશન વિભાગના પ્રાધ્યાપકો દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યા હતા. વેબીનારમાં કોલેજના વિધાર્થીઓએ બહોળા પ્રમાણમાં ભાગ લીધો હતો. આ વ્યાખ્યાન માળાનું આયોજન ઓનલાઈન માઈક્રોસોફ્ટ ટીમ પર કરવામાં આવેલ. આ તાલીમનું સુચારુ આયોજન આચાર્ય, પ્રો.ડો.શ્વેતા દવે, કમ્પ્યુટર ખાતાનાં વડા પ્રો.ડો.ધવલ પરીખ, પ્રો.જે.એસ.ધોબી તથા પ્રો.ડો.પીનલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આજે સે-૨૯માં સુંદરકાંઠના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૫

ભારતી બાપુની વ્યાસપીઠે આવતીકાલે તા. ૬ માર્ચના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડ પાઠનું આયોજન વંદેમાતરમ પાર્ક, સેકટર-૨૯ ખાતે કરવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન વંદેમાતરમ પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે.

રવિવારે બલરામ ભવન ખાતે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં છેલ્લાં છ વર્ષથી ચાલતી પુસ્તક પરબ પ્રવૃત્તિ તાજેતરમાં કોરોનાની પરિસ્થિતિને કારણે યોજાતી નહોતી પરંતુ ગત ફેબ્રુઆરી માસ દરમ્યાન પુસ્તક પરબ યોજાઈ હતી. જેનો ઘણા પુસ્તક પ્રેમીઓએ લાભ લીધો હતો. હવે માર્ચ માસની પુસ્તક પરબ ગાંધીનગરના સેક્ટર - ૧૨માં ઉમિયા મંદિર પાસે બલરામ ભવન ખાતે તા. ૭મી માર્ચ રવિવારના રોજ સવારે ૮.૦૦ થી ૯.૩૦ દરમ્યાન યોજાશે. આ પુસ્તક પરબ સોશીયલ ડિસ્ટન્સ સહિત કોવિડ-૧૯ના નિયમોની પૂર્ણ કાળજી સાથે યોજાશે. મુલાકાતીઓએ માસ્ક પહેરી આવવા આયોજકો દ્વારા જણાવાયું છે. પરબ પાસે ઉપલબ્ધ પુસ્તકો - સામયિકો મુલાકાતીઓને અગાઉ જેમ પ્રાપ્ય બનશે. માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી પુસ્તક પરબ ટીમના મિત્રો દ્વારા આ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. પુસ્તકપ્રેમી વડીલો, વિદ્યાર્થીઓ, બહેનો, ભાવકોને પુસ્તક પરબનો લાભ લેવા આત્મન સંસ્થા દ્વારા વિનંતી કરવામાં આવી છે.

એમ.બી. પટેલ સ્કૂલ દ્વારા રાષ્ટ્રીય પ્રતિકો વિશે માહિતી અપાઈ

ગાંધીનગર, તા.૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ધોરણ-૪ની વિદ્યાર્થીની બહેનોને પ્રોત્સાહિત કરવા અને સતત નવું કરવાની જિજ્ઞાસા વધારવા આપણાં રાષ્ટ્રીય પ્રતિકો વિષય પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં માર્ગદર્શક શિક્ષિકા નિશાબેન પટેલ પાસેથી આ વિષય અંગે માહિતી મેળવી હતી. શાળાના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈએ માર્ગદર્શન આપ્યું હતું. પ્રવૃત્તિમાં ભાગ લેવા બદલ શાળાના આચાર્યા નીરૂબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

શેઠ સી.એમ. શાળાનો નિસર્ગ દ્વારા લેવાયેલ ઓનલાઈન ક્વીઝમાં ઉત્કૃષ્ટ દેખાવ

શેઠ સી.એમ. હાઈસ્કૂલના ધોરણ-૯ ના વિદ્યાર્થીઓ માટે ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા અને નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે 'બાલ ઉર્જા રક્ષક દળ' કાર્યક્રમ અંતર્ગત ચીર સ્થાઈ ઉર્જા જાગૃતિ કાર્યક્રમ અંગેનો વેબિનાર તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. વેબિનારને અંતે ઉર્જા ક્વીઝ રમવા માટેની લિન્ક વિદ્યાર્થીઓને વોટ્સએપ ગ્રુપ દ્વારા આપવામાં આવી હતી. જેમાં ૨૦૦ વિદ્યાથીઓએ ભાગ લીધો હતો.જેમાં પટેલ રુદ્ર સંજયકુમાર, આગ્જા ક્રિશ આર. અને ગોરાદરા જૈનિલ મહેશભાઈ વિજેતા રહ્યા છે. જેમને રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. વેબિનારમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ઈ-પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંકલન શ્રી કનુભાઈ એમ.પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય ડૉ.ચેતના બૂચ, સુપરવાઈઝર બી.એ.પટેલ, મુકેશભાઈ પટેલ, કનુભાઈ પટેલ દ્વારા વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

સે-૨૩માં ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ એમેચ્યોર રેડિયો સંસ્થાનો સ્થાપના દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા.૫

ગુજરાતના કચ્છમાં વર્ષ ૨૦૦૧માં આવેલ વિનાશક ધરતીકંપ દરમ્યાન ખોરવાઈ ગયેલ સંદેશા વ્યવહારને સ્થાપીત કરવા માટે હેમ રેડિયોની મદદ લેવામાં આવી હતી. તે સમયે ગુજરાતમાં હેમ રેડિયો ઓપરેટર તરીકે સેવા આપતા વ્યક્તિઓ ખુબ ઓછા હોવાથી હૈદરાબાદની એનઆઈઆર સંસ્થાના હેમની મદદ લેવી પડી હતી. આ ધરતીકંપ પછી ગુજરાતમાં મોટી સંખ્યામાં હેમ રેડિયો ઓપરેટરો (હેમ) તૈયાર કરવા તથા જયારે પણ કુદરતી આપત્તિ આવે ત્યારે આવા લોકો જે તે સ્થળે જઈ રેડિયો સ્ટેશન ઉભુ કરી સેવા આપે તેવા ટેકનીકલ સક્ષમ હેમ તૈયાર કરવા તા. ૪ માર્ચ ૨૦૦૧માં ગાંધીનગર ખાતે પૂર્વ સેકેટરી એસ.કે.નંદાના ચેરમેન પદે ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ એમેચ્યોર રેડિયોની સ્થાપના કરવામાં આવી હતી. આ સંસ્થાને ૨૦ વર્ષ પુરા થતાં તેની ઉજવણીનો કાર્યક્રમ સેકટર-૨૩ ખાતે આવેલ જીઆઈએઆર સંસ્થા ખાતે યોજાયો હતો.

સંસ્થાના સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે સંસ્થાના ચેરમેન એસ.કે.નંદા, જનરલ સેક્રેટરી જે.જી પંડ્યા, ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ, ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના મેમ્બર સેક્રેટરી નરોત્તમ શાહુ, અમદાવાદ સ્થિત રેડિયો મોનીટરીંગ સ્ટેશનના ઈન્ચાર્જ ઓફિસર હેમેન્દ્ર પરીખ વગેરે મેહમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના સેક્રેટરી પી.સી.વલેરાએ સંસ્થાની કામગીરી વિષે તથા સંસ્થાના નવિનીકરણમાં મેયરના યોગદાનનો ઉલ્લેખ કર્યો હતો. એસ.કે.નંદાએ જીએઆઈઆર સંસ્થાની સ્થાપના પાછળની પૂર્વભૂમિકા અને ઈતિહાસની વિગતે વાત કરી હતી. આ સંસ્થા થકી શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓ હેમ રેડિયો પ્રવૃત્તિ સાથે જોડાય તેના પર તેમને ભાર મુક્યો હતો. મેયર રીટાબેને સંસ્થાની કામગીરીની પ્રશંસા કરી ભાવી પેઢીને આ જ્ઞાન ઉપયોગી થાય તે માટે નગરપાલિકા જે મદદ જોઈએ તે કરશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે જીએઆઈઆરના માર્ગદર્શન નીચે અમદાવાદ હેમ રેડિયો કલબની શરૂઆત કરવામાં આવી હતી જેનું મેયર તથા એસ.કે.નંદા સહિત મેહમાનોના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ.અનિલભાઈ પટેલે આભાર વિધી કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં હેમ મિત્રો જોડાયા.હતા. અત્રે ઉલેખ્ખનીય છે કે આ સંસ્થાના તૈયર થયેલ હેમ મિત્રોએ આંદોબર-નિકોબાર સુનામીમાં, સુરત પૂરમાં, નીલોફર વાવાઝોડા, વાયુ વાવાઝોડા વગેરેમાં સેવાઓ આપી છે. સંસ્થા ખાતે હેમ રેડિયો અંગે પ્રદર્શન તૈયાર કરવામાં આવ્યું છે. રસ ધરાવતી શાળાઓ, કોલેજો તેમના વિદ્યાર્થીઓને આ પ્રદર્શન જોવા અને હેમ રેડિયોનું નિદર્શન જોવા લઈ આવે તેવી એક અપીલ સંસ્થા દ્વારા કરવામાં આવી છે.

જે.એમ. ચૌધરી પ્રા. શાળા દ્વારા શેરી શિક્ષણ

ગાંધીનગર, તા.૫

શ્રી જે.એમ. ચૌ.સા.પ્રા. વિદ્યાલયમાં શેરી શિક્ષણનું આયોજન કરાયું હતું. સે-૭માં જઈને ધો-૧ અને ૨ના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવ્યું હતું. જેમાં બાળકોને બાળગીત ગવડાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઘડિયાગાન કરાવાયું હતું તેમજ વાંચન અને અંગ્રેજીમાં સ્પલિંગો પુછી અભિનય ગીત કરાવાયું હતું.

જન્મદિને વધામણી

હસમુખભાઈ વી પટેલ
કાર્યપાલક ઈજનેર
યુજીવીસીએલ,
ગાંધીનગર
ગ્રામ્ય ડિવિઝન

વ્યોમ નીતિરાજ ભારદ્વાજ
મો. ૮૯૮૦૦ ૨૨૦૭૭

વિનીત પુનમભાઈ નાયી
મો. ૯૯૨૫૭ ૮૭૬૦૬

પ્રિયાંશી પરમાર
મો. ૯૬૮૭૩ ૧૪૪૦૯

કિશ્ના

ભાવનાબેન પંચાલ

મહિલા દિન નિમિત્તે સ્મિત મ્યુઝિક દ્વારા કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૫

મહિલા દિનની પૂર્વ સંધ્યાએ તા. ૭મી માર્ચે સાંજે ૬.૦૦ કલાકે સ્મિત મ્યુઝિક દ્વારા ફેસબુક પર સંગીતનો લાઈવ કાર્યક્રમ યોજાશે.

મહિલા દિનને અનુલક્ષીને કાર્યક્રમ હોવાથી તેમાં બહેનોનું પ્રતિનિધિત્વ રહેશે. જેમાં ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ અને મહિલા કોર્પોરેટર હર્ષાબા મહિલા દિન માટે શુભેચ્છાઓ પાઠવવા ખાસ ઉપસ્થિત રહેશે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ભરવાડ વનાભાઈ ગંગદાસભાઈ**
  ઉ.વ. ૭૦, સે-૨૮, આદીવાડા
- **સ્વ. પટેલ દ્વારકાદાસ ત્રિભોવનદાસ**
  ઉ.વ. ૮૫, કલોલ
- **સ્વ. વાઘેલા પ્રેમીલાબેન શંકરજી**
  ઉ.વ. ૭૩, પેથાપુર
- **સ્વ. ગર્ગ રમાદેવી**
  ઉ.વ. ૯૮, રાંધેજા